# "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" ગ્રાન્ડ ફિનાલે સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે જરૂરી સૂચનાઓ

1. "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" સ્પર્ધાના ગ્રાન્ડ ફિનાલેનું આયોજન નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામા આવેલ છે.

| Sr. No. | Name of Center for Grand Finale | Date |
|---|---|---|
| 1 | અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ | 10-11 February 2023 |
| 2 | ચારુતર વિદ્યા મંડલ (CVM) યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | |
| 3 | ડૉ.કિરણ અને પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી,વડોદરા | |
| 4 | ગણપત યુનિવર્સિટી , ખેરવા મહેસાણા | |
| 5 | સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ | |
| 6 | એલ ડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ,અમદાવાદ | |
| 7 | સરકારી પોલિટેકનિક,ગાંધીનગર | |
| 8 | નવરચના યુનિવર્સિટી , વડોદરા | |
| 9 | શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર | |
| 10 | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,સુરત | |

2. સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ની તમામ ગાઈડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" સ્પર્ધાનું વિગતવાર સમયપત્રક http://ssipgujarat.in/hackathon2022 વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
4. "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના મેન્ટર સાથે ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવાનું રહેશે.
5. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમ સાથે મેન્ટર આવવા જરૂરી છે.
6. "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" સ્પર્ધામાં ભાગ લેવા બાબત નું બાંહેધરી પત્રક તમામ વિદ્યાર્થીઓએ અને મેન્ટરે ભરવાનું રહેશે. અને ભરેલ બાંહેધરી પત્રક સંસ્થા અને સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે. બાંહેધરી પત્રકનો નમૂનો http://ssipgujarat.in/hackathon2022 વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.
7. આ સ્પર્ધા બે દિવસ માટે અને સતત ૩૬ કલાક ચાલનાર છે, તથા બે દિવસ માટે સંસ્થા/વતનના સ્થળ થી દૂર રહેવાનુ હોઈ તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખિત મંજૂરી લેવાની રહેશે. અને તેની વિગતો સંસ્થામાં જમા કરાવવાની રહેશે.
8. "રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન  ૨૦૨૨" સ્પર્ધા માટે સંસ્થા લેવલે વિદ્યાથીઓ અને મેન્ટર્સને મદદરૂપ થવા માટે એક નોડલ ઓફિસરની નિમણૂક યજમાન સંસ્થા ખાતે કરેલ હશે,

આ નોડલ અધિકારીનું નામ મોબાઈલ નંબર, જેવી વિગત તમામ વિદ્યાર્થીઓએ મેળવી લેવાની રહેશે.

9. “રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨” સ્પર્ધાનો આ તબક્કો Hardware / Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે Coding કરવાનું થતું હોય તો, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ/હાર્ડવેર પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઇંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
10. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના પ્રથમ દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને બીજા દિવસે પ્રોગ્રામ પૂર્ણ થયે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના બન્ને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટી દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
11. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓને આરામ કરવા માટે રેસ્ટ રૂમની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
12. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચ-ડીનરની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
13. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.
14. “રાજ્ય-સ્તરીય આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨” સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઇપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઇને આવવાનુ રહેશે.
15. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ લેપટોપ, મોબાઈલ તથા અન્ય કિમતી સામાન સાચવવાનો રહેશે. જો કોઈ સામાન ખોવાશે તો તેની સઘળી જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે યજમાન સંસ્થા કે વ્યવસ્થાપકની કોઈ જવાબદારી રહેશે નહી.